રજી રજી.પો. એ.ડી.

ગુજરાત ઇજનેરી સેવા વર્ગ-રની મદદનીશ ઇજનેર(સીવીલ)ની જગ્યાઓ માટે સીધી ભરતીથી પસંદ થયેલ પ્રતીક્ષા યાદી પરના ઉમેદવારોને મદદનીશ ઇજનેર (સી) તરીકે અજમાયશી ધોરણે નિમણૂક આપવા બાબત

**ગુજરાત સરકાર**

નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

ક્રમાંક-આરઓજે-૧૩૦૭(ર)-પાર્ટ.૧-ઇ.પ

સચિવાલય,ગાંધીનગર

તારીખઃ-ર૬-૦૪-ર૦૧૩

અધિસૂચનાઃ-

ગુજરાત ઇજનેરી સેવા વર્ગ-ર માં મદદનીશ ઇજનેર (સી) વર્ગ-ર ની જગ્યા પર સીધી ભરતીથી પસંદગી પામેલ પ્રતીક્ષા યાદી પૈકીના ઉમેદવારોને ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા તા.૧પ-૦૩-ર૦૧૩ના પત્ર ક્રમાંકઃ આરસીટી-ર૦૧૦-ર૭પ-આર.૧-(ભાગ-ર) થી નિમણૂક આપવા માટે ભલામણ કરવામાં આવેલ છે. આયોગની ભલામણ અન્વયે આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટ-૧માં દર્શાવેલ પ્રતીક્ષા યાદી પૈકીના ઉમેદવારોને ગુજરાત ઇજનેરી સેવા વર્ગ-રમાં મદદનીશ ઇજનેર (સીવીલ) ની જગ્યા પર તેઓ નિમણૂંક વાળી જગ્યાએ જોડાય તે તારીખથી બે વર્ષના અજમાયશી સમય માટે તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે રૂ.૯૩૦૦-૩૪૮૦૦ (ગ્રેડ-પે-રૂ.૪૬૦૦) ના પગાર ધોરણમાં નાણા વિભાગના તા.૧૪/૯/ર૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃ પીજીઆર/૧૦ર૦૧૦/૬૪/પે સેલ(મ) ની જોગવાઇ અનુસારનો મૂળ પગાર તથા પ્રવર્તમાન નિયમો પ્રમાણે મળવાપાત્ર અન્ય ભથ્થાઓ સાથે નીચે જણાવેલ અન્ય શરતોને આધીન સીધી ભરતીથી નિમણૂક આપવામાં આવે છે.

શરતોઃ-

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬-૧-૧૯૬૮ તથા તા.૧ર-૧-૧૯૭૦ના પરિપત્ર ક્રમાંકઃ-પીએસસી-૧૦૬૮-૬પ૬૪- જી.માંની જોગવાઇ અનુસાર સબંધીત ઉમેદવારોએ આ સાથે સામેલ રાખેલ ચારિત્ર્ય વર્તણુંક અને પૂર્વ વૃતાંત અંગેના "એટેસ્ટેશન ફોર્મ"માં પૂરી વિગતો ભરી તે ફોર્મ તથા પોલીસ તપાસ અહેવાલ તેઓની નિમણૂંકવાળી જગ્યાએ હાજર થતાં પહેલા સબંધીત અધિકારીશ્રીને રજુ કરવાનો રહેશે. અને સબંધીત અધિકારીશ્રીએ તે તપાસ અહેવાલની એક નકલ સરકારશ્રીમાં મોકલી આપવાની રહેશે.

(ર) ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો ર૦૦રના નિયમ-૧૧ અન્વયે સીધી ભરતીથી નિમણૂક પામનાર સદરહુ ઉમેદવારોએ તેઓ નિમણુક વાળી જગ્યા પર હાજર થાય તેના બે માસમાં તેઓની શારિરીક યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર મેળવી

સબંધીત અધિકારીશ્રીને રજુ કરવાનું રહેશે અને સબંધીત અધિકારીશ્રીએ તેની એક ...રશ્રીને રજુ કરવાની રહેશે.

...રોકત શરત (૧) અને (૨) અંગેની લેખીત બાંહેધરી આ સાથે બીડેલ નિયત ... સંબંધીત ઉમેદવારે તેઓની નિમણુંકવાળી જગ્યા પર હાજર થતાં પહેલાં તેઓના ...અધિકારીશ્રીને રજુ કરવાની રહેશે. (બે નકલમાં) અને સંબંધીત અધિકારીશ્રીએ ...નકલ સરકારશ્રીને રજુ કરવાની રહેશે. શારીરિક યોગ્યતા કે ચારિત્ર્ય, વર્તણુંક અને ... અંગેના પ્રમાણપત્રોમાં જો તેઓ અયોગ્ય પૂરવાર થશે તો આ અધિસૂચનાથી ...મણૂકનો અંત લાવવામાં આવશે.

...રહુ ઉમેદવારોએ આ અધિસૂચનાની તારીખથી એક માસની અંદર નિમણૂંકની ...તાના ખર્ચે ફરજ પર હાજર થવાનું રહેશે. જો તેઓ પોતાની નિમણુંકની જગ્યાએ ...મય મર્યાદામાં ફરજ પર જોડાશે તો તેઓની માંહોમાંહેનો પ્રવરતાનો ક્રમ (Inter-...) પરિશિષ્ટ-૧ માં દર્શાવ્યા મુજબનો રહેશે. નિયત સમય મર્યાદામાં ફરજ પર ... થનારના નિમણૂંકના હુકમો રદ થવાને પાત્ર બનશે. કાબૂ બહારના સંજોગો ...જર થવાની સમય મર્યાદામાં વધારો કરી આપવામાં આવશે નહિ. આવા ... પરિશિષ્ટ-૧માં દર્શાવ્યા મુજબ નો અગ્રતાક્રમ કાયમ રાખવો કે કેમ તે અંગે ...કિસ્સામાં ગુણદોષના ધોરણે નિર્ણય કરવામાં આવશે. સદરહુ ઉમેદવારોની ... મદદનીશ ઇજનેર (સી) વર્ગ-૨ તરીકે હવાલો સંભાળવાની તારીખને નોકરીમાં ...રીખ તરીકે ગણવામાં આવશે.

... ઉમેદવારોએ અજમાયશી સમયના પ્રથમ વર્ષ દરમ્યાન સિંચાઇ વિભાગના ...૯૮૦ના સરકારી હુકમ ક્રમાંક:-જીએબી-૧૦૮૦-૪૬-ઇ-૨ થી નિયત કરવામાં ...ક્રમ પ્રમાણે જુદા-જુદા વિષયો અંગેની તાલીમ લેવાની રહેશે.તાલીમના સમય ...મણે કરેલ કામ અંગેની નોંધ તૈયાર કરવાની રહેશે અને તે સંબંધીત અધિક્ષક ...ખાતાના વડાને રજુ કરવાની રહેશે. પરંતુ આ ઉમેદવારો પૈકી જે ઉમેદવારોએ આ ...થવા માર્ગ અને મકાન વિભાગ હેઠળ મદદનીશ ઇજનેર કે તેની ઉપલી જગ્યાઓ ...પણ જાતની તૂટ સિવાયની ઓછામાં ઓછી એક વર્ષની સેવા બજાવેલી હોય અને ...યત કરવામાં આવેલ ઉપરોકત તાલીમ મેળવેલ હોય તો તેમાંથી મુકિત આપવા ... દરખાસ્ત સરકારશ્રીને તરત કરવાની રહેશે.

... ઉમેદવારોને બે વર્ષ માટે તદ્દન હંગામી અને કામચલાઉ રીતે અજમાયશી ધોરણે ...પવામાં આવે છે. તેઓએ બે વર્ષનો અજમાયશી સમય સંતોષકારક રીતે પૂરો ...તેઓને ગુજરાતી ઇજનેરી સેવા વર્ગ-૨માં મદદનીશ ઇજનેર(સી) વર્ગ-૨ની જગ્યા ...ગાળાના ધોરણે નિયુકિત આપવા વિચારણા કરવામાં આવશે.

...જમાયશી સમય દરમ્યાન તેઓનો મુકરર પગાર નાણા વિભાગના ...૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક: પીજીઆર/૧૦૨૦૧૦/૬૪/પે સેલ(મ) ની જોગવાઇ

અનુસારનો રહેશે. તેમજ ગુજરાત મુલ્કી સેવા નિયમોની જોગવાઇઓ મુજબ આવા અજમાયશી મદદનીશ ઇજનેર (સી)ની નિયુકિત ખાસ પગાર ધરાવતી જગ્યા પર કરવામાં આવશે તો તેઓ નિયમ મુજબ તે જગ્યાના તેમને મળવાપાત્ર ખાસ પગાર મેળવવાને પાત્ર થશે. અજમાયશી સમય સંતોષકારક રીતે પૂરો કર્યા બાદ તેમનો પગાર નક્કી કરવા માટે અજમાયશી સમયને ઇજાફાના હેતુ માટે ફરજ તરીકે ગણવામાં આવશે. ઉપરોકત ઉમેદવારોમાંથી જેઓ હાલ ગુજરાત સરકારની નોકરીમાં છે, તેઓના પગાર, રજા, પેન્શન વગેરે ગુજરાત મુલ્કી સેવા નિયમોની જોગવાઇને આધીન રહેશે.

(૮) અજમાયશી સમય દરમ્યાન આ ઉમેદવારો ગુજરાત મુલ્કી સેવા નિયમો હેઠળ બીજા વર્ગના અધિકારીને મળતા મુસાફરી ભથ્થા, ઘરભાડા ભથ્થા, સ્થાનિક ભથ્થા ઇત્યાદિ મેળવવાને પાત્ર થશે. તેમના પગાર ભથ્થા, મળવાપાત્ર પેશગીઓ તેમજ શિસ્ત અને વર્તણુંકને લગતી બાબતો વગેરે સરકારે વખતોવખત નક્કી કરેલા નિયમોની જોગવાઇને આધીન રહેશે.

(૯) આ ઉમેદવારોએ ગુજરાત સરકારના કાર્યક્ષેત્ર હેઠળ કોઇપણ જગ્યાએ સેવાઓ આપવાની રહેશે. તેઓની નોકરી બદલીપાત્ર છે. અને સરકારને જરૂર જણાય તે પ્રમાણે તેઓની બદલી કરી શકશે. તેમજ આ ઉમેદવારોએ જરૂર જણાય તો ભારતના સંરક્ષણ સાથે સંકળાયેલ કોઇપણ સેવા અથવા તેને લગતી જગ્યાએ જો તાલીમનો સમય હોય તો તે સહીત ઓછામાં ઓછા ૪(ચાર) વર્ષની મુદત માટે સેવા આપવી પડશે.

(૧૦) આ ઉમેદવારોએ જે તે સમયે અમલમાં હોય તેવા સરકારી નિયમોને આધીન નિયત કરેલ ધોરણસરની ગુજરાતી, હિન્દી તેમજ ખાતાકીય કે ધંધાકીય પરીક્ષા જો હોય તો તેમાં ઉત્તીર્ણ થવાનું રહેશે. જે ઉમેદવારોની માતૃભાષા ગુજરાતી ન હોય તેઓએ સરકારે નિયત કરેલા ધોરણ મુજબની ગુજરાતી ભાષાની પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૧૧) આ ઉમેદવારો જો એક વર્ષથી ઓછી સેવા કર્યા બાદ રાજીનામું આપવાની ઇચ્છા ધરાવે તો તેવા કિસ્સામાં ૭(સાત) દિવસની નોટીસ તથા એક વર્ષથી વધુ સરકારી સેવા કરી હોય તો તેવા કિસ્સામાં ૧(એક) માસની નોટીસ આપીને સરકારી સેવામાંથી રાજીનામું આપી શકાશે, તેમજ જે તે સમયે પ્રવર્તમાન નિયમોને આધીન રહીને ૧(એક) માસની આગોતરી ખબર આપીને સરકાર પણ આ ઉમેદવારની નોકરીનો અંત લાવી શકશે.

(૧૨) આ ઉમેદવારો મદદનીશ ઇજનેર (સી) વર્ગ-૨ તરીકેનો હવાલો સંભાળે તે તારીખથી બે વર્ષ સુધી દરેક વર્ષે તેમની કામગીરીના મૂલ્યાંકન અહેવાલો (Appriasal Report) સામાન્ય વહીવટ વિભાગના તા.૯-૬-૧૯૮૯ના પરિપત્ર ક્રમાંકઃ-પીઆરઓ-૧૦૮૬-૫૦૬૮-ગ-૨ અન્વયે નિયત કરેલ પત્રકમાં બે નકલમાં સરકારશ્રીને નિયમિત મોકલવાના રહેશે. તેમજ સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦-૩-૧૯૮૯ના પરિપત્ર ક્રમાંકઃ-પીઆરઓ-૧૦૮૧-૧૭-૯-ગ-૨ અન્વયે આપવામાં આવેલ માર્ગદર્શક સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

આ ઉમેદવારો જો નિયત થયેલ પરીક્ષા, નિયત કરેલા સમયમાં અને નિયત તકોમાં કરવામાં નિષ્ફળ જશે અને/અથવા જો અજમાયશી સમય દરમ્યાનની કામગીરી અંગે અધિકારીઓએ મોકલાવેલા અહેવાલના આધારે જો તેમની કામગીરી સંતોષકારક નહિ

અજમાયશી સમય દરમ્યાન કોઇપણ નોટિસ આપ્યા વગર તાત્કાલિક અસરથી અંત લાવવામાં આવશે. આમ, અજમાયશી સમય દરમ્યાનની સેવા તદ્દન હંગામી ચલાઉ (Purely temporary) ગણાશે અથવા

અજમાયશી મુદત લંબાવવાનો પ્રસંગ ઉપસ્થિત થયે જે તે કેસના ગુણદોષના વિચારણા કરવામાં આવશે.

આ ઉમેદવારોએ નિમણૂકની જગ્યાએ હાજર થતા પહેલા સરકારના સામાન્ય વહીવટ તા.૩-૧૨-૧૯૮૬ના પરિપત્ર ક્રમાંક:-સીડીઆર-૧૧૮૬-યુઓ-૨૨૪૪-ગ-૨માં જણાવ્યા સોગંદ લેવાના રહેશે. તે મુજબના સોગંદ લીધા સિવાય કોઇને નોકરીમાં હાજર થવા આવશે નહિ.

આ ઉમેદવારોએ નિમણુંકવાળી જગ્યા એ હાજર થતા પહેલા જો તેઓ અગાઉ કે અર્ધસરકારી નોકરીમાં હોય તો તે સેવામાંથી તેઓને ફરજ મુકત કરવામાં આવ્યા બાબનો હુકમ (રીલીવ ઓર્ડર) હાજર થતી વખતે રજુ કરવાનો રહેશે.

જે ઉમેદવારો હાલ નોકરીમાં ચાલુ હોય અને જેમણે અરજીપત્ર સાથે કે રૂબરૂ વખતે આયોગમાં પોતાની કચેરીનું "ના વાંધા પ્રમાણપત્ર"( N.O.C) રજૂ ન કર્યું તેમણે નિમણૂંક પામતાં પહેલા સબંધીત અધિકારીશ્રી સમક્ષ તે રજુ કરવાનું રહેશે.

આ ઉમેદવારોએ તેઓની નિમણૂંક વાળી જગ્યાએ હાજર થતી વખતે તેઓના અસલ પત્રો સબંધિત અધિકારી સમક્ષ રજુ કરવાના રહેશે. સબંધિત અધિકારીશ્રીએ સદરહુ પત્રોની ચકાસણી કરી તેમાં કંઇ વાંધા જનક જણાય તો સબંધીત ઉમેદવારોને તેમની કની જગ્યાએ હાજર કરવાના રહેશે નહિ અને તે અંગેનો વિગતવાર અહેવાલ શ્રીને મોકલી આપવાનો રહેશે. આ ઉપરાંત સામાન્ય વહીવટ વિભાગના ૦૮-૨૦૦૮ના ઠરાવ ક્રમાંક:-સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ-૫ની જોગવાઇ ઉમેદવાર કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવે છે કે કેમ તે અંગેની ચકાસણી અધિકારીશ્રીએ કરવાની રહેશે. અને જો તેઓ આ અંગેની કોમ્પ્યુટરની બેઝીક ની ધરાવતા ન હોય તો તેવા ઉમેદવારોએ તેઓના અજમાયશી સમય દરમ્યાન ઠરાવમાં દર્શાવેલ સંસ્થાઓ પૈકી કોઇપણ એક સંસ્થાનું પ્રમાણપત્ર મેળવવાનું

સદરહુ ઉમેદવારોનો અજમાયશી સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયા બાદ નિમણૂંક નિયમિત ધોરણે થયેલી ગણાશે. અને ત્યારબાદ જે તે સમયે પ્રવર્તમાન

નિયમો અને સંજોગોને આધીન ઉભયપક્ષે નોટિસ ગાળામાં જાણ કરીને સબંધીત ઉમેદવારોની સેવાનો અંત લાવી શકાશે .

(૧૯) આ ઉમેદવારોની સેવાઓ જાહેર હિતમાં જરૂરી જણાયેથી રાજય સરકાર દ્વારા અન્ય વિભાગ હેઠળ ઉછીની સેવાના ધોરણે તેમજ આ વિભાગ હસ્તકના બોર્ડ કે કોર્પોરેશન હેઠળ પ્રતિનિયુક્તિના ધોરણે ફાળવી શકાશે કે આવા બોર્ડ કે કોર્પોરેશન હેઠળ "એન" બ્લોક તબદીલ કરી શકાશે.

(૨૦) નિમણૂક પામનાર ઉમેદવારોએ પ્રથમ સબંધિત અધિક્ષક ઇજનેરશ્રી સમક્ષ હાજર થવાનું રહેશે. અને સબંધીત અધિક્ષક ઇજનેરશ્રીએ તેઓને પરિશિષ્ટ-૧માં દર્શાવ્યા મુજબ વિગતવાર નિમણુંકના હુકમ કરવાના રહેશે. તથા તે હુકમની નકલ આ વિભાગને મોકલવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બી. ઝેડ. હળવદીયા)
નાયબ સચિવ,
નર્મદા જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

<u>બિડાણઃ-</u>

(૧) પરિશિષ્ટ-૧
(૨) બાંહેધરી પત્રક
(૩) એટેસ્ટેશન ફોર્મ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (જ.સ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (જ.સ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, લાલ દરવાજા, અમદાવાદ (અલગ પત્ર ધ્વારા).
- સચિવશ્રી(જ.સં.)ના અંગત સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ખાસ સચિવશ્રી(જ.સં)ના અંગત મદદનીશશ્રી નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ, નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- આસીસ્ટન્ટ જનરલ મેનેજરશ્રી, (પર્સોનલ) સરદાર સરોવર નર્મદા નિગમ લી. સચિવાલય, ગાંધીનગર.
- સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રીઓ.
- સંબંધીત સર્વે ઉમેદવારો.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- અંગત ફાઇલ.

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા, અને કલ્પસર વિભાગની તા.૨૬/૦૪/૨૦૧૩ ની સરકારી અધિસૂચના ક્રમાંક:-આરઓજે-૧૩૦૭(૨)-પાર્ટ-૧-ઇ-૫.નું બિડાણ.

**પરિશિષ્ટ-૧**

| અ.નં. | ગુ.જા.સેવા આયોગનો પ્રતિક્ષા યાદી નંબર | ઉમેદવારનું નામ અને સરનામું | મદદનીશ ઇજનેર (સી.) વર્ગ-૨ તરીકે નિમણુંકની જગ્યા. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૧ | શ્રી રાઠોડ મયંકકુમાર હિંમતલાલ<br>૧૦, અર્મીતપાર્ક સોસાયટી,<br>શીશુદીપ હોસ્પિટલ પાછળ,<br>શાસ્ત્રી રોડ, બારડોલી,<br>જી. સુરત-૩૯૪૬૦૨. | અધિક્ષક ઇજનેરશ્રી, સુરત સિંચાઇ વર્તુળ, સુરત હેઠળ ડ્રેનેજ પેટા વિભાગ, બારડોલી. |
| ૨ | ૨ | શ્રી દિવ્યેશકુમાર રમેશભાઇ પટેલ<br>સી.એન.જી.પમ્પની બાજુમાં,<br>ચેડ મહોલ્લો, નાંદરખા, તા.ગણદેવી,<br>જી.નવસારી-૩૯૬૩૨૫. | અધિક્ષક ઇજનેરશ્રી, સુરત સિંચાઇ વર્તુળ, સુરત હેઠળ ઓ.એફ.ડી. અને ડ્રેનેજ પેટા વિભાગ, ગણદેવી. |
| ૩ | ૩ | શ્રી કુણાલ દિનેશભાઇ મિસ્ત્રી<br>૬૨, સ્નેહસાગર સોસાયટી, પારસી હોસ્પિટલ પાછળ, લુણસીકુઇ,<br>તા.જી.નવસારી-૩૯૬૪૪૫. | અધિક્ષક ઇજનેરશ્રી, સુરત સિંચાઇ વર્તુળ, સુરત હેઠળ ડ્રેનેજ વિભાગ, નવસારી. |
| ૪ | ૫ | શ્રી જીગર કનુભાઇ પારેખ<br>૧૪૩, રામનિવાસ, વિજયાબેંકની પાછળ,<br>કૃષ્ણબાગ, મણીનગર,<br>તા.જી.અમદાવાદ-૩૮૦૦૦૮. | અધિક્ષક ઇજનેરશ્રી, ગાંધીનગર પંચાયત સિંચાઇ વર્તુળ, ગાંધીનગર હેઠળ પંચાયત સિંચાઇ વિભાગ, અમદાવાદ. |
| ૫ | ૭ | શ્રી હરેશભાઇ પ્રહલાદભાઇ ગજ્જર<br>૨૩, ન્યુ દ્વારકાપુરી સોસાયટી, નિરમા ફેકટરીની સામે, મોઢેરા રોડ,<br>મહેસાણા-૩૮૪૦૦૨. | અધિક્ષક ઇજનેરશ્રી, સુજલામ સુફલામ વર્તુળ નં.-૨, મહેસાણા હેઠળ સુજલામ સુફલામ પેટા વિભાગ નં.-૨, લોદરા. |
| ૬ | ૮ | શ્રી તુષાર ઇશ્વરલાલ પટેલ<br>૨૪/સાકાર રો હાઉસ, હની પાર્કની સામે,<br>નવો અડાજણ રોડ, તા.જી.સુરત-<br>૩૯૫૦૦૯. | અધિક્ષક ઇજનેરશ્રી, સુરત સિંચાઇ વર્તુળ, સુરત હેઠળ રાંદેર સિંચાઇ પેટા વિભાગ, રાંદેર (સુરત). |
| ૭ | ૧૧ | શ્રી સુનિલકુમાર બિપિનચંદ્ર સુથાર<br>૯-૧૦, આકાંક્ષા ફલેટ, સત્તાધાર ક્રોસીંગ પાસે, સોલા રોડ, ઘાટલોડીયા,<br>તા.જી.અમદાવાદ-૩૮૦૦૬૧. | સરદાર સરોવર નર્મદા નિગમ લી. ગાંધીનગર. |
| ૮ | ૧૨ | શ્રી નયનકુમાર કરશનભાઇ પ્રજાપતિ<br>બ્લોક નં.-૧૩/૧, છ-ટાઇપ, સેકટર-૨૩,<br>ગાંધીનગર-૩૮૨૦૨૩. | અધિક્ષક ઇજનેરશ્રી, સુજલામ સુફલામ વર્તુળ નં.-૧, ગાંધીનગર હેઠળ કાંસ પેટા વિભાગ, વિજાપુર. |

| | | |
|---|---|---|
| ૧૩ | શ્રી રોહિતકુમાર વિરજીભાઇ પાથર<br>બી-૨૯, મધુવન સોસાયટી, કઠવાડા રોડ,<br>નરોડા, જી.અમદાવાદ-૩૮૨૩૨૫. | સરદાર સરોવર નર્મદા નિગમ લી.<br>ગાંધીનગર. |
| ૧૪ | શ્રી જગદીશકુમાર રમેશભાઇ ચૌધરી<br>પ્લોટ નં.-૩૬૯/૨, સેકટર-૫/એ,<br>ગાંધીનગર-૩૮૨૦૦૬. | અધિક્ષક ઇજનેરશ્રી, સુજલામ સુફલામ<br>વર્તુળ નં.-૨, મહેસાણા હેઠળ ડીસા<br>સિંચાઇ પેટા વિભાગ નં.-૨, ડીસા. |
| ૧૫ | શ્રી રવિ જીતેન્દ્રકુમાર ભજીયાવાલા<br>આઇ/૨, પહેલો માળ, રાજુ કોસ્મેટીકસ<br>ઉમીયાનગર સોસાયટી, હરીહર સોસાયટી<br>પાસે, ગુરૂદ્વારા પાસે, ભટાર રોડ,<br>તા.જી.સુરત-૩૯૫૦૦૧. | અધિક્ષક ઇજનેરશ્રી, સુરત સિંચાઇ<br>વર્તુળ, સુરત હેઠળ તાપીપાળા પેટા<br>વિભાગ નં.-૧, સુરત. |
| ૧૬ | શ્રી દિપેન પ્રવિણભાઇ મિસ્ત્રી<br>હનુમાન શેરી, બેંક ઓફ ઇન્ડીયાની<br>ગલીમાં, તા.જી.વલસાડ-૩૯૬૦૦૧. | અધિક્ષક ઇજનેરશ્રી, દમણગંગા યોજના<br>વર્તુળ, વલસાડ હેઠળ દમણગંગા યોજના<br>પેટા વિભાગ નં.-૧, વલસાડ. |
| ૧૭ | શ્રી અવિનાશ ઇશ્વરભાઇ ચૌહાણ<br>મુ.વસો, જુના બસ સ્ટેન્ડ પાસે, મોચીવાડ,<br>તા.નડીયાદ-૩૮૭૩૮૦, જી.ખેડા. | અધિક્ષક ઇજનેરશ્રી, મહી સિંચાઇ વર્તુળ,<br>નડીયાદ હેઠળ કાંસ પેટા વિભાગ,<br>નડીયાદ. |
| ૧૮ | શ્રી પ્રકાશભાઇ વનરાજભાઇ ચૌહાણ<br>મુ.કાનપર, તા.વલભીપુર,<br>જી.ભાવનગર-૩૬૪૩૧૦. | અધિક્ષક ઇજનેરશ્રી, ભાવનગર સિંચાઇ<br>યોજના વર્તુળ, ભાવનગર હેઠળ સિંચાઇ<br>પેટા વિભાગ, ભાવનગર. |
| ૧૯ | શ્રી વિજયકુમાર ઘેલાભાઇ ચાવડા<br>સર્વોદય સોસાયટી, બાલ ક્રિષ્ના,<br>આદીત્યનગર-૨ની બાજુમાં, જોષીપરા,<br>તા.જી.જૂનાગઢ-૩૬૨૦૦૧. | અધિક્ષક ઇજનેરશ્રી, રાજકોટ સિંચાઇ<br>યોજના વર્તુળ, રાજકોટ હેઠળ સિંચાઇ<br>યોજના પેટા વિભાગ નં.-૭/૨, જૂનાગઢ. |
| ૨૦ | શ્રી રીતેશકુમાર હરીકૃષ્ણ શોભાવત<br>૭૬/બી, જીવન જયોત સોસાયટી,<br>મલ્હોત્રા રોડ, ઓઢવ, તા.જી.અમદાવાદ-<br>૩૮૨૪૧૫. | સરદાર સરોવર નર્મદા નિગમ લી.<br>ગાંધીનગર. |
| ૨૧ | શ્રી ભાવેશભાઇ ગોવિંદભાઇ પ્રજાપતિ<br>૧૭, જયવીરનગર સોસાયટી, બસ<br>સ્ટેન્ડની બાજુમાં, તા.જી.પાટણ-૩૮૪૨૬૫. | અધિક્ષક ઇજનેરશ્રી, સુજલામ સુફલામ<br>વર્તુળ નં.-૨, મહેસાણા હેઠળ પાટણ<br>સિંચાઇ પેટા વિભાગ નં.-૫, પાટણ. |
| ૨૨ | શ્રી રાજુ નાથાભાઇ માલકિયા<br>મુ.લાખચોકીયા, તા.ચોટીલા,<br>જી.સુરેન્દ્રનગર-૩૬૩૫૨૦. | અધિક્ષક ઇજનેરશ્રી, રાજકોટ સિંચાઇ<br>યોજના વર્તુળ, રાજકોટ હેઠળ સિંચાઇ<br>યોજના પેટા વિભાગ નં.-૪/૧, ચોટીલા. |
| ૨૩ | શ્રી શિકારી અતિક અશરફ<br>૭/૯૦, શિકારી મહોલ્લા,<br>તા.ગોધરા-૩૮૯૦૦૧, જી.દાહોદ. | અધિક્ષક ઇજનેરશ્રી, પાનમ યોજના<br>વર્તુળ, ગોધરા હેઠળ પાનમ સિંચાઇ<br>વિભાગ, ગોધરા. |
| ૨૪ | શ્રી રામાણી વિશાલકુમાર મનહરભાઇ<br>ડ-બી, અમરજયોત ડુપ્લેક્ષ, અયધ્યા<br>મંદિરની પાછળ, ચાણક્યપુરી ચાર રસ્તા,<br>ન્યુ સમા રોડ, તા.જી.વડોદરા-૩૯૦૦૦૮. | અધિક્ષક ઇજનેરશ્રી, વડોદરા પંચાયત<br>સિંચાઇ વર્તુળ, વડોદરા હેઠળ પંચાયત<br>સિંચાઇ પેટા વિભાગ, વડોદરા. |

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા, અને કલ્પસર વિભાગની તા.૨૬/૦૪/૨૦૧૩ ની સરકારી અધિસૂચના ક્રમાંકઃ-આરઓજે-૧૩૦૭(૨)-પાર્ટ-૧-ઇ-૫.નું બિડાણ.**

## <u>બાંહેધરી પત્રક</u>

ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા જાહેરાત ક્રમાંકઃ-૫૭/૨૦૧૧-૧૨ અન્વયે ગુજરાત ઇજનેરી સેવા વર્ગ-૨માં મદદનીશ ઇજનેર(સી)ની જગ્યા પર સીધી ભરતી માટે યોજવામાં આવેલ સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની તારીખઃ૧૭/૦૯/૨૦૧૨ ની અધિસૂચના ક્રમાંકઃ-આરઓજે-૧૩૦૭(૨)-પાર્ટ.૧-ઇ.૫ થી મદદનીશ ઇજનેર(સી) વર્ગ-૨ની જગ્યા પર આપવામાં આવેલ નિમણૂંક હું.......................................................................................................... રહેવાસી, ગામ..............................તા......................................જી.......................તેમાં ઠરાવેલ શરતો મુજબ સ્વીકારું છું અને આથી બાંહેધરી આપું છું કે મને સરકારના ઉપર નિર્દિષ્ટ હુકમથી...................................................... .................ની કચેરીમાં મદદનીશ ઇજનેર(સી) વર્ગ-૨ તરીકે આપવામાં આવતી આ નિમણૂક તદ્દન હંગામી અને કામચલાઉ છે.

સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬-૧-૧૯૬૯ અને તા.૧૨-૧-૧૯૭૦ના પરિપત્ર ક્રમાંકઃ-પીએસી-૧૦૬૮-૬૫૬૪-જી માંની જોગવાઇ અનુસાર મદદનીશ ઇજનેર (સી) વર્ગ-૨ તરીકેની મારી નિમણૂક નિયમોનુસાર ચારિત્ર્ય અને પૂર્વ વૃતાંત તેમજ તબીબી તપાસને આધીન રહેશે. જે મને સ્વીકાર્ય છે. મારી ઉપરોકત જગ્યા પર નિમણૂક બાદ રજુ કરવાના થતાં તબીબી પ્રમાણપત્ર કે ચારિત્ર્ય અને પૂર્વ વૃતાંત અંગેના પ્રમાણપત્રમાં યોગ્યતા વિરૂધ્ધની કોઇપણ બાબત નિમણૂક અધિકારીને જણાય તો તેઓ મને આપવામાં આવેલ તદ્દન હંગામી અને કામચલાઉ નિમણૂક કોઇપણ જાતની નોટીસ આપ્યા વિના સમાપ્ત કરી શકશે કે મને આ નોકરીમાંથી છુટા કરી શકશે જે મને સ્વીકાર્ય છે. અને આ અંગે હું બાંહેધરી આપુ છું.

રાજયપત્રિત અધિકારીની સાક્ષીની રૂબરૂમાં.

..................................................

(ઉમેદવારની સહી અને તારીખ)

# ATTESTATION FORM

| | | | |
|---|---|---|---|
| 1 | Name in full( in block capitals with a aliases, if any)please indicate if you have assed or dropped at any stage, any part of your name or surname . | Surname | Name |
| 2 | Present address in full (I e. village, thana and district or house number, lane/street or road) | | |
| 3 | (a) Home address in full (i.e, village, thana, and district or house number, lane/street and road)<br>(b) If originally a resident of Pakistan, the address in that domination and tha date or migration and the date of migration of India union. | | |
| 4 | Particulars of pleces where you have resided for more than one year during the preceeding five years. | | |
| | Form to | Residential address in full(i.e village thana and district or house number, lane/ street and road) | |
| 5 | Father's<br>(a) Name or full with aliases, if any :<br>(b) Present postal address( if dead, give last address) :<br>(c) Permanent house address :<br>(d) Profession :<br>(e) If in service, give designation and offcial address : | | |
| 6 | (1) Nationality of<br>(a) Father :<br>(b) Mother :<br>(c) Husband :<br>(2) Place of birth<br>(a) Husband :<br>(b) Wife : | | |
| 7 | (a) Exact date of birth<br>(b) Present age<br>(c ) Age at matriculation | | |
| 8 | (a) Plece of birth district and state in which it is situated<br>(b)District and state to which you belong | | |
| 9 | (a) State your religion<br>(b) Are you a member of a scheduled caste/scheduled tribe answer 'yes' or no' and if the answer is yes' state the name thereof. | | |
| 10 | Educational qualifications showing places of Education with years in schools and college since 15th years of age. | | |
| | Name of school/ college With full address | date of entering / leaving | date of examination passed |

... any time . been exployed give details

| post held or work | period from to | full address of office/ firm or |
| --- | --- | --- |

... ever been convicted by a court or any office

... ves the full particuars of the ... and sentence should be known

... responsible persons of your ... reference to whom you are

... that the foregoing information is correct and complete to the best of my ... belief. I am not aware of any circumstances which might impair may ... ployment under government .

SIGNATURE OF CANDIDATE

... be signed by a gazetted office or memoer oflegisiature or other authority ... the appointing authonty)

... i hane known shri/smt------------------------------------------------------------------------- for ------------------- years ------------------------ months and that to the best ... wledge and belief the particulars fumished by him/her are correct.

SIGNATURE

designation or status and address